**(1) 'સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રિપોર્ટ 'એશિયન ડેવલપમેન્ટ બેન્ક' દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.
(2) વર્ષ 2020-21 માટે ભારતનો વૃદ્ધિ દર 3.5% રહેશે.
(3) ભારતનો આ વૃદ્ધિ દર વર્ષ 1991ના સુધારા પછીનો સૌથી નીચો વૃદ્ધિ દર થશે.
(4) આ રિપોર્ટ દર બે વર્ષે પ્રસિદ્ધ થાય છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3) (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 'સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટ' એ વર્લ્ડ બેંક દ્વારા દર બે વર્ષે પ્રસિદ્ધ થતો રિપોર્ટ છે. (આથી, વિધાન (1) ખોટું છે જ્યારે વિધાન (4) સાચું છે.)

⇛ આ રિપોર્ટના કેટલાંક તારણો :

- વર્ષ 2020-21 માટે ભારતનો વૃદ્ધિ દર 1.5-2.8% જેટલો નિર્ધારિત કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)
- દક્ષિણ એશિયાનો વૃદ્ધિ દર 1.8 - 2.8% જેટલો રહેશે.
- ઓક્ટોબર, 2019માં ભારતનો વૃદ્ધિ દર 4.1-5.4% જેટલો નિર્ધારિત કરવામાં આવ્યા હતો. પરંતુ કોરોનાની મહામારીના કારણે અર્થતંત્રની ગતિવિધિઓ ખૂબ જ ઓછી થઈ ગઈ છે.
- ભારતનો આ વૃદ્ધિ દર વર્ષ 1991ના સુધારા પછીનો સૌથી નીચો વૃદ્ધિ દર હશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) “Exit From Lockdown” રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રિપોર્ટ CII દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.
(2) આ રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે વિસ્તારોને કોરોના કેસની સંખ્યાના આધારે લાલ, પીળાં અને લીલાં એમ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે.
(3) લોકડાઉનને ખોલવા માટે ‘સ્ટેજ’ આધારિત નીતિ આપનાવવી.
(4) સ્ટેજ 1 માં ઈ–કોમર્સ તથા એગ્રી–માર્કેટીંગ જેવી સેવાઓનો સમાવેશ થશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2)
(D) માત્ર (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં CII (Confederation of Indian Industry) દ્વારા "Exit from Lockdown" નામનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ રિપોર્ટ મુજબ, કોરોના કેસની સંખ્યાના આધારે વિસ્તારોને ત્રણ વિભાગ (લાલ, પીળાં અને લીલા)માં વહેંચવા. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઉપરાંત લોકડાઉન સ્ટેજ આધારિત ખોલવાની ભલામણ કરવામાં આવી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ અંતર્ગત ઉદ્યોગોના આધારે મુખ્ય 3 સ્ટેજની વહેંચણી નીચે મુજબ કરવામાં આવી છે :

- સ્ટેજ-1 : ફાર્માસ્યુટીકલ, કાપડ–કપડાં ખનીજ, ફુડ પ્રોસેસીંગ, ધાતુ અને ઉત્પાદન ઉદ્યોગો.
- સ્ટેજ-2 : ઈ–કોમર્સ, એગ્રી–માર્કેટીંગ, રસાયણ, ઓટોમોબાઈલ
- સ્ટેજ-3 : અન્ય ક્ષેત્રો

(આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ભારતની પ્રથમ દૂર-સંચાલિત સ્વાસ્થ્ય દેખરેખ પ્રણાલિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સિસ્ટમ AIIMS તથા ISRO દ્વારા વિકસાવવામાં આવી છે.
(2) આ સિસ્ટમ રિષિકેશ, ઉત્તરાખંડમાં સ્થાપવામાં આવી છે.
(3) આ સિસ્ટમ દ્વારા AIIMSમાં રહેલાં ડોકટર્સ દૂર રહેલાં દર્દીના શરીરનાં તાપમાન અને ઓકિસજન લેવલની દેખરેખ રાખી શકશે.
(4) આ સિસ્ટમમાં માત્ર એક મોબાઈલ એપ્લિકેશનનો સમાવેશ થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં AIIMS (All India Institute of Medical Sciences) અને BHEL (Bharat Heavy Electronics Limited) દ્વારા ભારતની સૌપ્રથમ દૂર–સંચાલિત સ્વાસ્થ્ય દેખરેખ પ્રણાલિ (Remote Health Monitoring System) રિષિકેશમાં સ્થાપવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)

⇛ આ સિસ્ટમ દ્વારા AIIMSમાં રહેલાં ડોકટર્સ દૂર રહેલાં દર્દીના શરીરનું તાપમાન અને ઓકિસજન લેવલ જેવી બાબતોની દેખરેખ રાખી શકશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સિસ્ટમના ભાગરૂપે એક વેબસાઈટ તથા મોબાઈલ એપ્લિકેશન પણ તૈયાર કરવામાં આવી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ જો દર્દીને COVID-19 થવાની શંકા હોય તો આ સિસ્ટમ દ્વારા દર્દીને “મોનીટરીંગ કિટ” પણ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) લોકડાઉન, રાજ્ય તથા કેન્દ્ર સરકારની સત્તા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) રાજ્ય સરકાર આપત્તિ પ્રબંધન અધિનિયમ, 2005 હેઠળ લોકડાઉન જાહેર કરે છે.

(2) કેન્દ્ર સરકાર એપિડેમિક ડિસિઝ અધિનિયમ, 1897 હેઠળ લોકડાઉન જાહેર કરે છે.

(3) આરોગ્ય એ રાજ્ય યાદીનો વિષય છે.

(4) COVID-19એ સૂચિત આપત્તિ (Notified Disaster) છે.

(A) માત્ર (1), (2) અને (2)
(B) માત્ર (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ પૈકી એકપણ નહીં

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ COVID-19ના કારણે કેન્દ્ર અને રાજ્ય સરકારના સત્તા–વિભાજન પર ઘણી ગૂંચવણ ઊભી થઈ છે.

⇛ જાહેર હુકમ (Public Order) અને આરોગ્ય સંબંધી બાબતોનો સમાવેશ રાજ્ય યાદીમાં થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આથી, એપિડેમિક ડિસિઝ અધિનિયમ, 1897 હેઠળ વિવિધ રાજ્યોએ 30 એપ્રિલ સુધીનું પોતાનું લોકડાઉન જાહેર કર્યું હતું. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આપત્તિ (Disasters) અને તેને લગતા નિયમોનો સમાવેશ કેન્દ્ર યાદીમાં થાય છે. આથી, કેન્દ્ર સરકારે આપત્તિ પ્રબંધન અધિનિયમ, 2005 હેઠળ 3 મે, 2020 સુધીનું નવું લોકડાઉન જાહેર કર્યું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ જો કે COVID-19 એ એક આરોગ્ય સમસ્યા છે અને તે કોઈ કુદરતી આપત્તિ નથી. પરંતુ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે COVID-19ને સૂચિત આપત્તિ જાહેર કરી છે. કારણ કે, બંધારણમાં આરોગ્ય વિષયક કટોકટીનો કોઈ ચોક્કસ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) ડો. બાબાસાહેબ આંબેડકર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેઓ ભારતના પ્રથમ કાયદા મંત્રી તથા બંધારણની ડ્રાફટીંગ કમિટીના ચેરમેન હતા.
(2) તેઓએ ત્રણેય ગોળમેજી પરિષદમાં ભાગ લીધો હતો.
(3) તેઓએ 'મહાદ સત્યાગ્રહ'ની આગેવાની કરી હતી.
(4) તેઓ 'ઈન્ડિપેન્ડન્ટ લેબર પાર્ટી' સાથે સંકળાયેલા હતાં.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (1), (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ 14 એપ્રિલ 2020ના રોજ સમગ્ર ભારતદેશમાં ડો. બાબાસાહેબની જન્મજયંતી ડિજિટલ રીતે ઉજવાય રહી છે.

⇛ ડો. બાબાસહેબ ભારતના અગ્રણી સમાજ સુધારક, અર્થશાસ્ત્રી, લેખક, પ્રવકતા અને કાયદાશાસ્ત્રી હતાં. ઉપરાંત તે ઘણી ભાષાના જાણકાર હતાં.

⇛ માર્ચ 1927માં મહારાષ્ટ્રના મહાદમાં થયેલાં સત્યાગ્રહની આગેવાની તેમણે કરી હતી. આ દરમિયાન કેટલાંક રૂઢિચુસ્ત હિંદુઓ પાણીના ટાંકાને દરેક સમુદાય માટે ખૂલ્લો મુકવાના નિર્ણયનો વિરોધ કરી રહ્યા હતાં. આથી, બાબાસાહેબે આ લોકો સમક્ષ સત્યાગ્રહ કર્યો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ બાબાસાહેબે ત્રણેય ગોળમેજી પરિષદમાં ભાગ લીધો હતો તથા ભારત સરકાર અધિનિયમ 1935માં પોતાનો ફાળો આપ્યો હતો. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેઓને 1942માં વાઈસરોયની કારોબારી સમિતિના 'Labour Member' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતાં.

⇛ બંધારણની ડ્રાફટીંગ કમિટીના તેઓ ચેરમેન હતાં તથા તેમને 'ભારતના બંધારણના પિતા/રચયિતા' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સાથે તેઓ ભારતના પ્રથમ કાયદા મંત્રી પણ બન્યા હતાં. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ડો. બાબાસાહેબ નીચેની સંસ્થાઓ સાથે સંકળાયેલા હતાં.
- બહિષ્કૃત હિતકારિણી સભા
- ઈન્ડિપેન્ડન્ટ લેબર પાર્ટી
- શેડયુલ્ડ કાસ્ટ ફેડરેશન

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT